# Halarda Hu Gaavu Lyrics | Kishor Manraja | Shrinathji Satsang Part 3

હાલરડા હું ગાઉ મારા લાલને ઝૂલાઉ
ઝૂલો ઝૂલો પારણીયામાં લાલ છે
હાલરડા હું ગાઉ મારા લાલને ઝૂલાઉ
ઝૂલો ઝૂલો પારણીયામાં લાલ છે

ગરિધર મારો ડાહ્યો એ પાટલે બેસી નાહ્યો
ઝૂલો ઝૂલો પારણીયામાં લાલ છે

ચાંદા ચાંદા ચોરી, ગરિધરથી રાધા ગોરી
ઝૂલો ઝૂલો પારણીયામાં લાલ છે

ગરિધર મારો રસીયો એ મધુર મધુર હસીયો
ઝૂલો ઝૂલો પારણીયામાં લાલ છે

અગર ચંદનની છોટી ગરિધરથી રાધા મોટી
ઝૂલો ઝૂલો પારણીયામાં લાલ છે

સાવ સોનાની ઝારી, ગરિધરને રાધા પ્યારી
ઝૂલો ઝૂલો પારણીયામાં લાલ છે

રાધાને હાથે ચૂડો, એનો ગરિધરવર છે રૂડો
ઝૂલો ઝૂલો પારણીયામાં લાલ છે

વ્રજની ગોપી આવે, એના ઝભલા ટોપી લાવે
ઝૂલો ઝૂલો પારણીયામાં લાલ છે

ગરિધરને માખણ વ્હાલું, એ તો બોલે કાલુ કાલુ
ઝૂલો ઝૂલો પારણીયામાં લાલ છે

એના મુખમાં સાકર આપું, ગરિધરને ઉરથી ચાંપુ
ઝૂલો ઝૂલો પારણીયામાં લાલ છે

હું હૂતો રમકડાં બહુ માંડુ, ગરિધરને આંજણ આંજુ
ઝૂલો ઝૂલો પારણીયામાં લાલ છે

ઘુઘરડો વગાડું, મારા ગરિધરને જગાડું
ઝૂલો ઝૂલો પારણીયામાં લાલ છે

કુમુદનિીના પ્યારા, લાડકડા મોહન પ્યારા
ઝૂલો ઝૂલો પારણીયામાં લાલ છે

હાલરડા હું ગાઉ મારા લાલને ઝૂલાઉ
ઝૂલો ઝૂલો પારણીયામાં લાલ છે

ઝૂલો ઝૂલો પારણીયામાં લાલ છે
ઝૂલો ઝૂલો પારણીયામાં લાલ છે

GujaratiLyrics.com